ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૮-૨૦૧૪, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

મોદીનો સાંકેતિક કાશ્મીર-વિજય

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લેહ-લડાખ-કારગિલ યાત્રા એમના દૃઢ વિજય સંકલ્પની પ્રતીતિ સમાન છે. જમ્મુ અને કાશ્મીરનો લડાખ વિસ્તાર પ્રાકૃતિક સંપદાની રૂએ અતિશય સમૃદ્ધ છે, પરંતુ ભૌગોલિક દૃષ્ટિએ દેશના બાકીના વિસ્તારોથી પ્રાકૃતિક કારણોસર જ કપાયેલો રહ્યા કરે છે. લોકસભાની ચૂંટણી વખતે દેશના અન્ય વિસ્તારોની જેમ આ દૂરવર્તી હિમાલયની ગોદમાં વસેલા રમણીય પ્રદેશમાં પણ મોદી મોજું ફરી વળ્યું હતું. મોદી ચૂંટણી સભા કરવા સદેહે નહોતા પહોંચી શક્યા છતાં લડાખના મતદારો એમના પર ઓળઘોળ વરસી પડ્યા હતા. જમ્મુ-કાશ્મીરની કુલ છ લોકસભાની બેઠકો પૈકી અડધો અડધ - અર્થાત્ જમ્મુ, ઉધમપુર, અને લેહ-લડાખની ત્રણ બેઠકો પર ભાજપનો ભગવો ફરકાવવામાં સફળ થનારા વર્તમાન વડાપ્રધાન હવે એમના મતદાતાઓનું ઋણ ચૂકવવા મેદાને પડ્યા છે. રાજયમાં વિધાનસભાની ચૂંટણી પણ આવી રહી છે ત્યારે મોદી પોતાની વાકછટા અને લોકપ્રિયતાના જોર પર આ વિશિષ્ટ દરજ્જો ધરાવતા અને પૃથ્વી ઉપરના સ્વર્ગ તરીકે ઓળખાતાં રાજયમાં કેસરક્રાંતિ (!) લાવવા કૃતસંકલ્પ છે. કાશ્મીરનું કેસર અને લડાખનું પશ્મીના ઊન તથા આલુ-કોબીજ પ્રખ્યાત છે. મોદીએ સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે જ આ સરહદી વિસ્તારમાં કાર્યક્રમ યોજીને આ પ્રદેશની પ્રજાનાં દિલ જીતી લેવાનો પ્રયાસ કર્યો છે. લેહ-લડાખની જંગી જાહેરસભામાં એમને આ પ્રદેશને હવે ઉધાર અજવાળાં પર નહીં જીવવું પડે એની ખાતરી આપી હતી. લેહ-શ્રીનગર ટ્રાંસમિશન લાઈન અને બાઝગો અને કારગિલમાં હાઈડ્રો પાવર સ્ટેશન અને કરોડોનાં ખર્ચે માર્ગોના નિર્માણની યોજનાઓ આપી મોદી આખા પંથખને વિકાસના રાજમાર્ગ પર મૂકી રહ્યા છે. અગાઉ એમણે કટરા-ઉધમપુર-જમ્મુ રેલમાર્ગ ખુલ્લો મુકીને આ વિસ્તારના વિકાસના શ્રીગણેશ કર્યા હતા. કારગિલમાં મોદીએ ભારતીય સેનાની બહાદુરીના વખાણ કરતાં કહ્યું કે પાકિસ્તાનમાં ભારત સામે યુદ્ધમાં ઊતરવાની તાકાત નથી બચી એટલે એ આતંકવાદીઓ મારફત પ્રોક્સી-યુદ્ધ લડી રહ્યું છે. યુદ્ધ કરતાં આવા કાયર આતંકી હુમલાઓમાં ભારતીય સૈનિકો જીવ ગુમાવી રહ્યા છે, એની પણ એમને સખેદ નોંધ લીધી છે. વડાપ્રધાન થયા પછી એક મહિનામાં બે-બે વાર જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લેનારા ઉત્સાહી વડાપ્રધાનની નજર આગામી વિધાનસભાની ચૂંટણી પર છે. જો જમ્મુ-કાશ્મીરમાં ભારતીય જનતા પાર્ટી એના સહયોગીઓ સાથે સત્તા સ્થાને આવી શકશે તો તે ભારતના ઈતિહાસની એક યાદગાર સીમાચિહ્નરૂપ ઘટના બની રહેશે. તાજેતરમાં નેશનલ કોન્ફરન્સ એના વર્ષો જુની સહયોગી કોંગ્રેસની અલગ પડી છે તે જોતાં, બનતા જોગ છે કે મોદી આગામી ચૂંટણીમાં વર્તમાન મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાની પાર્ટી સાથ ચૂંટણી જોડાણ કરીને નવો ઈતિહાસ સર્જે! મોદી હરહંમેશ 'અનપ્રેડિકેટબલ' રહ્યા છે. જરૂર પડયે તેઓ દુશ્મન સાથે પણ સામે ચાલીને હાથ મિલાવતાં ખંચકાટ નથી અનુભવતા, તે ગુજરાતી પ્રજાને તો સુપેરે જાણે છે. અહીં અનેક શક્તિશાળી કોંગ્રેસી નેતાઓને એમણે સામે ચાલીને ભારતીય જનતા પાર્ટીની ટિકીટ આપી હતી તે સર્વવિદિત છે. જો કે સિયાચીન ગ્લેશિયર પર કડકડતી ઠંડીમાં અને આતંકવાદીઓના જોખમ વચ્ચે હાજરી આપીને મોદીએ એ પણ સાબિત કરી દીધું છે કે તેઓ અત્યાર સુધીના વડાપ્રધાનોની જેમ વાતાનુકૂલિત ચેમ્બરમાં બેસીને નિવેદનો કરનારા નેતા નથી. તેઓ જરૂર પડ્યે સૈનિકોની વચ્ચે જઈને બેસી શકે છે. જીવના જોખમે દેશની સીમાનું રખોપું કરનારા અદના સિપાઈ માટે તો દેશનો વડોપ્રધાન પોતાની ખબર કાઢવા આટલે દૂર આવે એ જ મોટી વાત ગણાય. લેહમાં તો મોદીએ સ્થાનિક વેશ પરિધાન કરીને લોકોને મોહી જ લીધા હતા. કાશ્મીરની સરહદો સળગતી રાખનાર પાકિસ્તાનને પણ અને પાડોશી મહાસત્તા ચીનને પણ વડાપ્રધાનની આ યાત્રાએ જરૂરી સંકેતો પાઠવી દીધા છે.

વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ડૉ. સારાભાઈનો ફાળો વિષય પર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

દેશના મહાન વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈની જન્મ દિવસને રાજ્યમાં ધામધૂમપૂર્વક ઉજવવામાં આવી. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા મહાન વૈજ્ઞાનિકના જન્મ દિવસે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. સ્પર્ધામાં શહેરની ૨૫ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સાયન્સ સેન્ટર દ્વારા ડૉ. વિક્રમ સારાભાઈના જન્મ દિવસે વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે ડૉ. વિક્રમ સારાભાઈનો ફાળો વિષય પર સ્પર્ધા સેક્ટર-૧૭ ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં નગરની ૨૫ અલગ અલગ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ચંદ્રયાન મિશન, અવકાશી ટેકનોલોજી વિશે વિદ્યાર્થીઓએ પોતાના વિચારો રજુ કર્યા હતા.

જેમાં માધવ ડી., પંક્તિ પ્રજાપતિ અને જીનલ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતિય સ્થાને રહ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ૫૦૦, ૪૦૦ અને ૩૦૦ રૂ. રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. તેમજ ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે નરેશભાઈ ઠાકર અને ટ્રસ્ટી અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સમગ્ર કાર્યક્રમની બાગડોર સંસ્થાના કો-ઓડિનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે સંભાળી હતી.

લેકાવાડામાં આવેલી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં ધોરણ-૧૧, ૧૨ના વિદ્યાર્થીઓને રાખડી બાંધવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓને શિક્ષકો અને આચાર્ય દ્વારા રક્ષાબંધનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. તેમજ શ્રાવણ માસમાં આવતા ધાર્મિક તહેવારોની પણ ઝાંખી કરાવવામાં આવી હતી.

શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા વકતૃત્વ સ્પર્ધામાં તૃતીય સ્થાને

ગાંધીનગર, તા. ૧૩

૧૨મી ઓગષ્ટ ડૉ. વિક્રમ સારાભાઈ જન્મદિન તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ધોરણ ૫ થી ૮નાં વિદ્યાર્થીઓ માટે 'વિજ્ઞાન ટેકનોલોજીમાં ડૉ. વિક્રમ સારાભાઈનો ફાળો' એ વિષય અંતર્ગત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાનાં ધોરણ ૮-બીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી જીનલ ઘનશ્યામભાઈ પટેલે ઉત્સાહપૂર્વક ભાગ લઈ તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેમજ ૩૦૦ રૂપિયા રોકડા અને પ્રમાણપત્ર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાનું ગૌરવ વધારનાર ચિ. જીનલને શાળાનાં આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલ તથા સ્ટાફ પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

આજે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે નેશનલ રૂરલ આઈ.ટી. કિવઝ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના યુવાનો આઈ.ટી. ક્ષેત્રમાં ખુબ જ આગળ છે. ત્યારે ગામડાના યુવાનો પણ આઈ.ટી. ક્ષેત્રે જાણકારી મેળવી આગળ આવે તે માટે નિસર્ગ સાયન્સ સેન્ટર સે-૨૩ દ્વારા નેશનલ રૂરલ આઈ.ટી. કિવઝ ૨૦૧૪ સ્પર્ધા યોજવામાં આવશે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓ માટે આજે સ્પર્ધા યોજવામાં આવશે. બ્લોક નં. ૬૧/૧ ઘ ટાઈપ ખાતે સવારે ૭-૦૦ વાગે સ્પર્ધા યોજાશે. દરેક શાળામાંથી ત્રણ ટીમ ભાગ લેશે. જેમાં ધોરણ ૮ થી ૧૨ના બે વિદ્યાર્થીઓ જોડાશે. સ્પર્ધામાં વિજેતા ટીમ રાજય કક્ષાની આઈ.ટી. સ્પર્ધામાં ભાગ લેશે.

લેઉઆ પાટીદાર સમાજ વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૧૩

શ્રી લેઉઆ પાટીદાર આદર્શ કેળવણી મંડળ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ તા. ૩૧ ઓગષ્ટ, રવિવાર બપોરે ૨-૦૦ વાગે વિઠ્ઠલભાઈ કે. પટેલ છાત્રાલય સેકટર-૧૫ ખાતે યોજાશે. ત્યારે સમાજના તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને પોતાની માર્કશીટ મોકલવાની બાકી હોય તેમણે દિવસ ત્રણમાં સંસ્થાના કાર્યાલય ખાતે મોકલી આપવા જણાવવામાં આવ્યું છે.

એચ.આઈ.વી. બાળકો સાથે લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગરે રક્ષાબંધન પર્વ મનાવ્યું

ગાંધીનગર, તા. ૧૩

લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા એચ.આઈ.વી. બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. તેમને રાખડી બાંધી ચોકલેટ મીઠાઈ આપવામાં આવી. લાયોનેસ પ્રમુખશ્રી ચંદાબેન યાદવ, દક્ષાબેન યાદવ, પરમજીત છાબડા, સાધનાબેન પરમાર, દેવલબેન જોષી, હેતલબેન, ભાવનાબેન પટેલ, નીતા રાણા, સ્નેહાબેન વગેરે હાજર રહ્યા હતા.

હરિની દૃષ્ટિ...

તું કહેતી હતી કે નાગપંચમી બરાબર ઊજવવી છે... લે આ 'એનેકોન્ડા' ફિલ્મની બે ટીકીટ...!!

સિસિકાએ શૈક્ષણિક કીટનું વિતરણ કર્યું

સિનિયર સિટીજન કાઉન્સિલ દ્વારા શહેરમાં સેવાકીય કાર્ય કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા ગોકુલપુરાની શાળાના ૩૧૨ બાળકોને, સેક્ટર-૨૭ પ્રાથમિક શાળાના ૨૩૨, સેક્ટર-૧૫ પ્રાથમિક શાળાના ૩૬૨, ધરનપુર ગામની શાળાના ૧૦૮ તેમજ શાહપુરની પ્રાથમિક શાળાના ૩૮૪ બાળકોને ચોપડા, નોટબુક, પેન, પેન્સીલ, રબર, ધોરણઃ૧ના છોકરા-છોકરીઓને બે જોડી તૈયાર કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના મહેન્દ્રભાઈ શાહ, ભૂપેન્દ્રભાઈ શાહ, દશરથલાલ પરમાર, સોમાભાઈ પરમાર, મીનાબેન શાહ, જીવણભાઈ શાહ, એ.એમ. રાણા સહિત સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

જ્ઞાનકુંભ

- દર્શન માર્ગ

વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ સામાન્ય બજેટમાં મહિલા સુરક્ષા માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૧૫૦ કરોડ**

૨. ૨૦૧૪ સામાન્ય બજેટમાં દેશનાં ૧૬ નવા બંદર માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૧૧,૦૦૦ કરોડ**

૩. ૨૦૧૪ સામાન્ય બજેટમાં દીનદયાળ ઉપાધ્યાય વિજળી કરણ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી હતી ?
➜ **રૂપિયા ૫૦૦ કરોડ**

૪. ૨૦૧૪ સામાન્ય બજેટમાં જલમાર્ગ વિકાસ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૪૨૦૦ કરોડ**

૫. ૨૦૧૪ સામાન્ય બજેટમાં છ નવા ટેક્સટાઈલ કલસ્ટર માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૨૦૦ કરોડ**

૬. ૨૦૧૪ સામાન્ય બજેટમાં છ નવા ટેક્સટાઈલ કલસ્ટર માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૨૦૦ કરોડ**

૭. ૨૦૧૪ સામાન્ય બજેટમાં દેશમાં સોઈલ ટેસ્ટીંગ લેબ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૫૬ કરોડ**

૮. ૨૦૧૪ સામાન્ય બજેટમાં નેશનલ રૂરલ ડ્રિંકીંગ વોટર માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૩૬૦૦ કરોડ**

૯. ૨૦૧૪ સામાન્ય બજેટમાં ડિઝિટલ ઈન્ડિયા પ્રોગ્રામ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૫૦૦ કરોડ**

૧૦. ૨૦૧૪ ૧૬મી લોકસભાની ચૂંટણી ક્યારે યોજાઈ હતી ?
➜ **૭ એપ્રિલથી ૧૨ મે, ૨૦૧૪**

૧૧. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણી કેટલા તબક્કામાં યોજાઈ હતી ?
➜ **નવ (૯)**

૧૨. ૨૦૧૪ ૧૬મી લોકસભાની ચૂંટણીમાં કેટલા મતદારો નોંધાયા હતા ?
➜ **૮૧.૪૦ કરોડ**

૧૩. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં સમગ્ર દેશમાં કેટલા મતદાન મથકો ઊભા કરવામાં આવ્યા હતા ?
➜ **૯,૩૦,૦૦૦ (નવ લાખ ત્રીસ હજાર)**

૧૪. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં કેટલા નવા મતદારો નોંધાયા હતા ?
➜ **૯.૭૧ કરોડ**

૧૫. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં સમગ્ર દેશમાં કુલ કેટલા કરોડ મતદારોએ પ્રથમવાર મતદાન કર્યું હતું ?
➜ **૨.૩૧ કરોડ**

૧૬. ૨૦૧૪ સોળમી લોકસભામાં ચૂંટણીપંચની માર્ગદર્શિકા મુજબ મોટા રાજયોમાં ઉમેદવારો માટે ચૂંટણી ખર્ચની સીમા કેટલી નક્કી કરવામાં આવી હતી ?
➜ **૭૦,૦૦,૦૦૦ (સીત્તેર લાખ)**

૧૭. ૨૦૧૪ સોળમી લોકસભામાં ચૂંટણીપંચની માર્ગદર્શિકા મુજબ નાના રાજયોમાં ઉમેદવારો માટે ચૂંટણી ખર્ચની સીમા કેટલી નક્કી કરવામાં આવી હતી ?
➜ **૫૪,૦૦,૦૦૦ (ચોપ્પન લાખ)**

૧૮. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીની સાથે કેટલા રાજયોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ હતી ?
➜ **ચાર રાજ્યો**

૧૯. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણી સાથે ક્યાં ક્યાં ચાર રાજયોમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી ?
➜ **આંધ્રપ્રદેશ, સિક્કિમ, ઓરિસ્સા, અરૂણાચલ પ્રદેશ**

૨૦. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણી સાથે ગુજરાતમાં કુલ કેટલી સીટો માટે વિધાનસભાની પેટાચૂંટણી યોજાઈ હતી ?
➜ **સાત સીટો**

કાયદાનો ડર બતાવી દાંપત્યજીવન બચાવી ન શકાય...

કોઇ પણ કાયદાનો ઉપયોગ ન્યાય મેળવવા માટે કરાય ત્યાં સુધી એની સાર્થકતા જળવાઇ રહે છે પણ કાયદાને હથિયાર બનાવી કોઇના પણ વિંઝવામાં આવે તો કદાચ ડરી જઇને કોઇ તમારા તાબે થાય પણ આ સમાધાન ઝાઝુ ટકતું નથી. થાગડ થીગડાથી કરેલું સમાધાન તક મળતા ફરી વિદ્રોહ કરી બેસે છે. ૪૯૮ની કલમ સ્ત્રીઓ પર થતાં અત્યાચાર સામે રક્ષણ મેળવવાનું હથિયાર છે પણ સુપ્રિમ કોર્ટના ધ્યાન પર આવ્યું કે આ હથિયાર દ્વારા પતિના પરિવાર પર માનસિક ત્રાસ ગુજારાય છે, અને કૌટુંબિક ઝઘડામાં વારંવાર આ હથિયારનો ઉપયોગ કરાતા સુપ્રિમ કોર્ટે પણ પણ હુકમ કરવો પડ્યો કે પુરતી તપાસ કર્યા વિના કે સચ્ચાઇની પરખ કર્યા સિવાય દહેજ ધારાના કેસમાં પુરૂષની તાત્કાલિક ધરપકડ કરવી નહિ. આ કાયદાના ડરથી ક્યાંક લગ્નજીવન ટકી ગયા હોય તેવા કિસ્સા જવલ્લે જ બને છે. હા, કોઇ આત્મ સંતોષ મેળવી શકે કે, કેવા સીધા દોર કરી નાખ્યા, કોર્ટના ધક્કા ખાતા થઇ ગયાને? સમાજની ભીંતરમાં ડોકિયું કરતા સ્પષ્ટ જણાય છે કે આ કાયદા દ્વારા સ્ત્રીઓનું રક્ષણ થઇ શકતું નથી પણ લગ્ન જીવન તોડવામાં આ હથિયાર મોટો ભાગ ભજવે છે. પતિ સામે અત્યાચારની ફરિયાદ કર્યા બાદ કે તેને જેલમાં મોકલ્યા બાદ એની સાથે ફરી પૂર્વવત્ દાંપત્ય જીવન ભોગવવું મુશ્કેલ બને છે. ઉત્તમ રસ્તો એ છે કે કોર્ટે ચઢેલા આવા પરિવારોની માનસિકતામાં પરિવર્તન આવે અને જીવનની વાસ્તવિકતા સમજી શકે તેવા સેમિનારો કે તાલીમ વર્ગોમાં એમને સામેલ કરી દેવા જોઇએ. બદલાની આગ ઠરે નહી ત્યાં સુધી તેમને તાલિમ આપવી જોઇએ તો કેટલાક તૂટતા પરિવારો બચી શકે. બાકી કાયદાનો ડર બતાવી કોઇની માનસિકતા બદલી શકાય નહી.

લાડકોડમાં ઉછરેલી અને સ્વતંત્ર મિજાજની એક યુવતિના લગ્ન થતા તેને થોડો સમય પતિ સામે મનમેખ રહ્યો, પણ એક સામાન્ય બાબતે તેના અહમ્‌ને ઠેસ લાગતાં તેણે પિતાને ફરિયાદ કરી, સાસરીયા પક્ષ વાળા મને હેરાન કરે છે. પિતા સમાજના આગેવાન હતા. તેમણે જઇને દીકરીના સાસરી પક્ષમાં બધાંને ધમકાવ્યા કે મારી દીકરીને કંઇ પણ થયું તો બધાને જેલનાં સળિયા ગણાવી દઇશ. પિતાને થયું દીકરીનું ઘર વસાવવા આટલી ધમકી પુરતી છે, પણ પછી તો વાત વણસી, સાસુ સસરાએ પોતાના દીકરાને અને પુત્રવધુને ઘરથી અલગ થવા જણાવી દીધું. અને આમ કાયદાના ડરથી કુટુંબ વિભાજીત થયું અને પછી તો દીકરી પરિવારથી અલગ થઇ ગઇ, સૌએ તેનાથી મોં ફેરવી લીધું. કાયદાનો ડર દિલોને જોડી ન શક્યો... એક બીજા કિસ્સામાં તોડી નાખું ને ફોડી નાખુની ભાવનાવાળા એક દીકરાના પિતા વેવાઇ સામે એક પછી એક કેસો કરતા ગયા... વર્ષો વિત્યા હજુ નીવેડો આવ્યો નથી. તેઓ નથી દીકરાના છુટાછેડા લેતા, નથી સમાધાન કરતા, અને આમ કરી તેમને યુવક અને યુવતીના જીવન વેરવિખેર કરી નાખ્યા. આ કેવા પ્રકારની માનસિકતા? કાયદાનો કેવો દુરૂપયોગ?

માથાભારે પત્નીઓથી બચવા માટે પુરૂષો એ 'અખિલ ભારતીય પત્ની અત્યાચાર વિરોધ સંઘ' ની સ્થાપના કરેલ

સમાજ ચિંતન

પોપટલાલ પ્રજાપતિ

છે. જેમાં દિવસે દિવસે વધુને વધુ પુરૂષો જોડાયા જાય છે. કાયદા સામે કાયદાની ટક્કરથી સામાજિક સમસ્યાનો ઉકેલ હરગિજ ન આવી શકે. દુનિયાનો ખુંખાર ડોન દાઉદ ઇબ્રાહીમ એક વાર ઇસ્લામાબાદમાં સુંદરીઓ સાથે મોજમસ્તી અને રંગરંલિયા મનાવી રહ્યો હતો ત્યાં સમાચાર આવ્યા કે તેની પત્ની ઇસ્લામાબાદ એરપોર્ટ પર આવી ગઇ છે. દાઉદ ઇબ્રાહીમે ફટાફટ પાર્ટી સંકેલી લીધી અને બધી છોકરીઓ સગેવગે થઇ ગઇ... દાઉદ પત્નીથી ડરતો હતો? જવાબ હા અને ના બંને હોઇ શકે. તેના સ્વભાવ પ્રમાણે તે પત્નિને ધમકાવી તેને ત્યાંથી દૂર કરી શક્યો હોત, પણ આમ કરવામાં તેનું દાંપત્ય જીવન ખોરંભે પડે તે તેને મંજુર ન હતું. સમજદારી અને વિવેકથી જ દાંપત્ય ટકી શકે. હિન્દુ ધર્મમાં એક પત્નીની હયાતીમાં બીજી પત્ની ન કરી શકાય તેવો કાયદો છે, છતાં કેટલાક ફિલ્મી હિરો બિન્દાસ રીતે બે ત્રણ યુવતીઓ સાથે રોમાંસ કરે છે કે તેને પત્નીની જેમ રાખે છે. તેની પત્ની તેની સામે કાયદાનું હથિયાર ઉગામે તો શક્ય છે તેનું ખુદનું દાંપત્ય જીવન જોખમાય... પણ સમજદારીથી કામ લેવામાં તેમનાં ઘર નભી જાય છે.

છેલ્લા પાંચ-દસ વર્ષમાં છુટાછેડાનું પ્રમાણ રોકેટ ગતિએ આગળ વધી રહ્યું છે એના મૂળમાં શક્ય છે કે સ્ત્રીઓ પોતાના અધિકાર પ્રત્યે જાગૃત થઇ છે. તેને પુરૂષ સમોવડી થવાના કોડ જાગ્યા છે. તેને પતિ પરાયણ થઇને રહેવામાં નાનમ લાગે છે. અને સમાનતાના હક્કો મેળવવાની ધૂનમાં તેના સંસારમાં ક્યારેક તણખા ઝરે છે. એક જ છત નીચે બંને માથું ઊંચુ રાખીને રહી શકતા નથી. નાની નાની વાતોમાં સંગ્રામ ખેલાઇ જાય છે અને આ સંગ્રામ પછી આરપારનો થઇ જાય છે. લગ્ન જીવનનું બેસુરુ વાગે તે તેનો તાર ખેંચીને તેને સંગીતમય બનાવવામાં કોઇને રસ નથી કે ફુરસદ નથી પણ તારને તોડી, આખું વાજિંત્ર બદલી નાખવાની હવે માનસિકતા વધતી જાય છે. એમાં કાયદો ઇંધણ પુરવાનું કામ કરે છે.

છુટાછેડા માટે કરાતા કેસોમાં બંને પક્ષ થાકી જાય અને સમાધાન કરી શકે તેવા અભિગમ સાથે કોર્ટ મુદતો ઉપર મુદતો પાડે છે, પણ બંને થાકી છેવટે કોર્ટ બહાર મોટા પાયે પૈસાની લેવડદેવડ કરી સમાધાન કરી છુટાછેડા મેળવી લે છે અને સામાજિક રાહે થયેલ છુટાછેડાને કોર્ટ પણ માન્ય રાખે છે. ખરેખર તો સામાજિક રાહે થયેલ છુટાછેડાને કોર્ટ પણ માન્ય રાખે છે. ખરેખર તો સામાજિક રાહે થતાં છુટાછેડા નહિ પણ ફરી ઘર વસતા હોય એવા સમાધાન જ કોર્ટે માન્ય રાખવા જોઇએ. આવા કિસ્સામાં કોઇ વાર ટ્રેજેડી ત્યારે થાય છે. જ્યારે બંને વચ્ચે કોઇ બાળક હોય. આવા બાળક કોઇ એક પક્ષને સોંપાય છે અને બંનેની નાદાનિયતમાં બાળકની જિંદગી સામે પ્રશ્ન ચિહ્ન મુકાય છે. કોર્ટ કે સમાજ આવા નિર્દોષ બાળક વિશે ગંભીરતાથી વિચારતું નથી તે કાં તો મા કાં તો બાપ વગરનું થઇ જાય છે, કોઇ પણ કારણ વિના...

ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારની એક ઘટના રસપ્રદ છે. એક યુવતીએ મેરેજ થઇ ગયેલા પણ તેને એક યુવક સાથે લવ અફેર થતાં તે બંને એક વાર ઘર છોડી ભાગી ગયા. ચાર-પાંચ દિવસ પછી તેનો પત્તો લાગતા સાસરી પક્ષે આ કન્યાનો સ્વીકાર કરવાનો ઇન્કાર કર્યો અને કન્યાએ ૪૯૮ ની કલમ નો ઉપયોગ કરવાની ધમકી આપી. સાસુ, સસરા, નણંદ જેલ જવાના ડરથી ફફડી ગયા અને તેમણે કાયદાના ડરથી સમાધાન કરી તે યુવતીને તેડી જવાની તૈયારી બતાવી. પણ આવી રીતે પરાણે સંસાર નભે ખરો? તેમનાં દાંપત્ય જીવનમાં આત્મીયતા આવે ખરી? કાયદાની છટકબારીનો દુરૂપયોગ કરી સામેના પાત્રને ચુપ કરી દેવાથી દાંપત્ય જીવનમાં સંબંધોની મીઠાશ રહે ખરી? આવા સંબંધો કેટલા નભે? નભે તો ક્યાંક મજબૂતી હોય, તો ક્યાંક કાયદાનો ડર.